ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




હર હર શંભુ... પંચદેવ મંદિરના પ્રાંગણમાં અતિ રુદ્ર મહાયજ્ઞનો પ્રારંભ થયો. સાત દિવસ ચાલનારા મહાયજ્ઞમાં એક સાથે ૮૫ વિદ્વાન બ્રાહ્મણો મંત્રોચ્ચાર દ્વારા અલૌકિક આધ્યાતમિક માહોલ સર્જી રહ્યા છે. રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરની સુવર્ણ જયંતિ નિમિત્તે યોજાયેલ અતિ રુદ્રમાં ૧૮ યજમાનો મહાપૂજામાં જોડાયા છે. ચાર વેદની ઋચાઓના ગાન સમયે અલૌકિક અનુભૂતિ થઈ રહી છે. પૂ. ફુલશંકર શાસ્ત્રીજીએ દીપ પ્રાગટ્ય કરી મહાયજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. જાણીતા વિદ્વાન પૂજ્ય કનુભાઈ દવેના વ્યાસાસને આરંભાયેલ અતિરૂદ્ર યજ્ઞમાં ગાંધીનગર રુદ્રાભિષેક મંડળના પદાધિકારીઓ અને જાણીતા વિદ્વાન કનુભાઈ દવે સમગ્ર યજ્ઞનું સંકલન કરી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતા અને આધ્યાત્મતાની અનુભૂતિ કરાવતા અતિ રુદ્ર મહાયજ્ઞના દર્શન જીવનનું સંભારણુ બની જાય છે. ઘર બેઠા ગંગા જેમ ગાંધીનગરવાસીઓએ એક વખત દર્શનનો લ્હાવો લેવાથી જીવનની ધન્યતાનો અનુભવ થાય છે. - હર મહાદેવ - જય મહાદેવ...

# કોંગ્રેસને ઝટકો : ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ ગોપાલજી ઠાકોરે રાજીનામુ આપ્યુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં એકમાત્ર તાલુકા પંચાયત ધરાવતી કોંગ્રેસને આજે મોટો ઝટકો લાગ્યો છે. તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાલજી ઠાકોરે પોતાના હોદ્દા ઉપરથી આજે રાજીનામુ આપી દીધુ છે.

ગોપાલજી ઠાકોરે તેમના રાજીનામાના પત્રમાં સામાજિક કારણોસર સ્વૈચ્છીક રાજીનામુ આપ્યુ હોવાનું જણાવ્યુ છે. જો કે આની પાછળ તાલુકા પંચાયતમાં કોંગ્રેસની જૂથબંધી જવાબદાર હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

ગોપાલજી ઠાકોરે આજે બપોર પછી તેમના હોદ્દા પરથી રાજીનામુ આપતો પત્ર તાલુકા વિકાસ અધિકારી ભટ્ટને સુપ્રત કર્યો હતો. તાલુકા વિકાસ અધિકારીને પુછતાં તેમણે જણાવ્યુ હતુ કે અમને રાજીનામાનો પત્ર મળ્યો છે અને આ અંગે આ પત્ર જિલ્લાકક્ષાએ મંજૂરી માટે મોકલી આપવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયતના વહીવટનું સંચાલન ગોપાલજી ઠાકોરે તેમની આગવી કોઢાસૂઝથી કર્યુ હતુ. તાલુકાના ઘણા પ્રશ્નો અંગે સરકારમાં પણ અસરકારક રજુઆતો કરી હતી. ખાસ કરીને શેરથા કલોલના એક્સપ્રેસ વે માં સર્વિસ રોડના મુદ્દે તેમજ તાલુકાના માર્ગોના કામને લઈ તેમણે અસરકારક રજુઆતો જિલ્લામાં અને સરકાર કક્ષાએ કરી હતી.

તાલુકા પંચાયતની મુદત પૂર્ણ થવામાં ત્રણ મહિનાનો સમય બાકી છે અને વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માટે હવે દિવસો ગણાઈ રહ્યા છે ત્યારે આ રાજીનામાએ ચકચાર જગાવી છે.

# નવરાત પર્વમાં ૩૧૫૦ નવા વાહનો ખરીદાયા : ૭૯૦ કારનુ વેચાણ

### નવરાતના દિવસોમાં વાહનોની નોંધણી અન્વયે આર ટી ઓ કચેરીને રૂ ૧૫ લાખની આવક

### વધતી મોંઘવારી વચ્ચે બેટરી સંચાલિત વાહનોની ખરીદીના પણ મંડાણ

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં નવરાત પર્વ દરમિયાન કુલ ૩૧૫૦ વાહનોની નોંધણી થઈ છે. શહેર અને જિલ્લાના રહીશોએ સારા મુહુર્મતમાં વાહન ખરીદીમાં વિશેષ રસ દાખવતા આર ટી ઓ કચેરીને પણ રજીસ્ટ્રેશન સ્વરૂપે રૂ ૧૫ લાખની આવક થઈ છે. નવરાતના પર્વના સમયગાળામાં કુલ ૩૧૫૦ વાહનોની ખરીદી થઈ છે. જેમાં ૭૯૦ કારનો સમાવેશ થાય છે. જયારે ૨૨૦ થ્રિ વ્હીલર પણ સામેલ છે. જયારે પેટ્રોલ ડીઝલના વધતા ભાવના લીધે હવે આમ નાગરિકો બેટરી સંચાલિત વાહનોની ખરીદી તરફ પણ વળ્યા છે. જેના લીધે વેચાણ થયેલા ફોર વ્હીલરમાં ૧૨ તેમજ ટુ વ્હીલરમાં ૪૨ વાહનો બેટરી સંચાલિત હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીએ નવરાત્રિના સમયગાળા દરમિયાન અલબત્ત ૧૫ દિવસમાં ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરની નોંધણી અન્વયે રૂ ૧૫ લાખની આવક કરી છે. નવરાત દરમિયાન તેમજ દશેરાના દિવસે પણ શહેરીજનો વાહનની ખરીદી વિશેષ કરતા હોય છે. જયારે આ વર્ષે પણ શહેર જિલ્લાના રહીશોએ વાહન ખરીદી તરફ વિશેષ રસ દાખવ્યો છે. નવરાતના પર્વ દરમિયાન અલબત્ત તા ૨૬ સપ્ટેમ્બર થી તા ૧૦ ઓકટોબર દરમિયાન કુલ ૧૭૫૦ દ્વિ ચક્રી વાહનોનુ વેચાણ થયુ હતુ જયારે આ પૈકી ૪૨ વાહનો બેટરીવાળા હતા. જયારે ૭૯૦ જેટલા ફોર વ્હીલરની ખરીદી થઈ હતી જેમાં ૧૨ વાહનો બેટરીના હતા. આ ઉપરાંત થ્રિ વ્હીલરમાં પણ ૨૨૦ વાહનો ખરીદાયા હતા. જયારે વાહનોની આ ખરીદી અન્વયે આર ટી ઓ કચેરીએ પણ નોંધપાત્ર આવક મેળવી છે. વાહનોની નોંધણી અન્વયે આર ટી ઓ કચેરીએ રૂ ૧૫ લાખની આવક કરી છે. અલબત્ત આર ટી ઓ કચેરીએ પ્રતિદિન રૂ ૧ લાખની આવક કરી હતી. આમ તો સમગ્ર દેશમાં છેલ્લા બે દાયકામાં વાહનોની સંખ્યામાં વિશેષ વધારો થયો છે. જયારે ગાંધીનગરમાં પણ માર્ગો પર મેગાસીટીની જેમ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. અલબત્ત વાહનોની સંખ્યા વધી છે જેના લીધે ટ્રાફિક સિનારીયો પણ બદલાયો છે. વધતા વાહનોની સાથે શહેરમાં માર્ગ સલામતી સાથે પાર્કીંગને લગતા પણ પ્રશ્નો ઉઠવા પામ્યા છે. બીજીતરફ વાહન ખરીદી માટે શુભ ગણાતા દિવસોમાં નવુ વાહન ખરીદવા માટે નગરજનોનો ઉત્સાહ હજુ બરકરાર છે. સારા મહુર્તના દિવસોમાં ઓટોમોબાઈલ્સના શો રૂમ પર વાહન સંબાંધિત ઈન્કવાયરી કરવા માટે પણ ચક્કાજામના દ્રશ્યો જોવા મળે છે. જયારે નવરાત અને દિવાળીના દીવસોમાં કંપનીઓ દ્વારા લોભામણી ઓફરો થતી હોવાના લીધે પણ ગ્રાહકો વાહન ખરીદવા માટે આર્કષાતા હોય છે. જયારે હવે વધતી મોંઘવારી વચ્ચે પેટ્રોલ ડીઝલ જ નહી પરંતુ બેટરી સંચાલિત વાહનોની ખરીદી માટે પણ ક્રેઝ વધી રહ્યો છે.

# ઉત્તર ગુજરાતના ચૂંટણી અધિકારીઓની પરીક્ષા લેવાઈ

### ચૂંટણીપંચે ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે ચૂંટણી અધિકારીઓની પ્રથમવાર પરીક્ષા લીધી

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં આવી રહેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને લઈ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જિલ્લાની વિધાનસભા બેઠકોના ચૂંટણી અધિકારીઓની પ્રથમવાર પરીક્ષા લેવામાં આવી રહી છે.

ગઈકાલે ગાંધીનગરની સ્ટાફ ટ્રેનીંગ કોલેજમાં ૬ જિલ્લાની વિવિધ બેઠકોના ચૂંટણી અધિકારીઓની પરીક્ષા કેન્દ્રીય ચૂંટણી પંચમાંથી આવેલા ખાસ ઓબ્ઝર્વરની હાજરીમાં યોજવામાં આવી હતી.

માત્ર ૨૦ માર્ક્સની પરીક્ષા હતી. જે પણ ૧૦-૧૦ માર્ક્સની બે ભાગમાં આ પરીક્ષા યોજવામાં આવી હતી. એક પ્રશ્નપત્રમાં ઓછામાં ઓછા ૮૦ ટકા ગુણાંક પ્રાપ્ત કરવાના અને બીજા પ્રશ્નપત્રમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક્સ આવવા જરૂરી છે.

જે અધિકારી આ પરીક્ષામાં નાપાસ થશે તેમને પુનઃ ચૂંટણીની કામગીરી માટેની તાલિમમાં મોકલવામાં આવશે અને તાલિમ બાદ પુનઃ પરીક્ષા લેવામાં આવશે.

મળતી વિગતો મુજબ પંચ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોઈપણ પ્રકારની કચાશ તંત્રના અધિકારીઓમાં રહે તેમ ઈચ્છતુ નથી. અગાઉ પણ તાલિમ બાદ ચૂંટણી અધિકારીઓની પરીક્ષા લેવામાં આવી હતી.

હવે મતદારયાદી પ્રસિદ્ધ થઈ ગયા પછી આ પરીક્ષા લેવામાં આવી રહી છે. પંચ દ્વારા આ પરીક્ષા યોજવા પાછળ અધિકારી ચૂંટણી પ્રક્રિયા માટે સંપૂર્ણ રીતે સુસજ્જ છે કે નહિ તે જાણવાના હેતુસર જ યોજી રહેલ છે.

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વે જ આ પ્રકારની પરીક્ષા યોજવાનો પંચનો નિર્ણય છે અને પંચ આ માટે ખાસ સુપરવાઈઝર કમ ઓબ્ઝર્વરની નિયુક્તી કરે છે અને તે પંચના અધિકારી પરીક્ષાના પ્રારંભથી અંત સુધી હાજર રહે છે. એટલુ જ નહિ આ અંગે પંચને વિગતવાર પોતાનો અહેવાલ પણ આપે છે.

ગાંધીનગર શહેરમાં ગઈકાલે ઉત્તર ગુજરાતની વિધાનસભા બેઠકોના ચૂંટણી અધિકારીઓની પરીક્ષા યોજાઈ હતી. ઝોનવાર આ પરીક્ષાઓ યોજવાનું આયોજન કરાયુ છે.

હાલ શાળાઓમાં પરીક્ષાનો માહોલ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને હવે અધિકારીઓની ચૂંટણી વિષયક પ્રક્રિયાને લઈ યોજવામાં આવેલ પરીક્ષાએ પાટનગરમાં ભારે ચર્ચા જગાવી છે.

# જિલ્લા કોંગ્રેસ સમિતિએ ડાંગના ધારાસભ્ય અનંત પટેલ પરના હુમલાનો વિરોધ કર્યો



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિએ ધારાસભ્ય અનંત પટેલ પર થયેલા હુમલાનો વિરોધ કરી અનો હુમલો કરનારાઓની ધરપકડ કરવાની માંગ સાથે આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ છે.

જિલ્લા કલેકટરની અનુપસ્થિતિમાં આ આવેદનપત્ર નાયબ કલેક્ટર જમીન સુધારણા દ્વારા સ્વીકારવામાં આવ્યુ હતુ.

આ આવેદન પત્રમાં રાજ્યમાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ સરકારની અન્યાયી કામગીરી અંગે રોષની લાગણી વ્યકત કરી આગામી દિવસોમાં વધુ આક્રમક કાર્યક્રમો આપવાની ચીમકી આપવામાં આવી છે.

આજે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, વિરેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. હિમાંશુ પટેલ, પૂર્વ ચેરમેન ગીતાબેન પટેલ, વિજયભાઈ સોલંકી, જયદીપસિંહ ઠાકોર, તા.પં.ના પ્રમુખ ગોપાલજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર સહિતના આગેવાનોએ આ આવેદનપત્ર આપ્યુ હતુ.

# જિલ્લામાં સતત બીજે દિવસે કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા

### ગાંધીનગરના સે. ૬માં ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : કલોલમાં ૧ અને માણસા શહેરમાં કોરોનાના વધુ બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ અને ગાંધીનગર શહેરમાં એક કેસ નોંધાયો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના લોકલ ટ્રાન્સમિશનને કારણે સતત કેસો મળી રહ્યા છે. શહેર-જિલ્લામાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્ર કરી રહ્યુ છે. હાલ શહેર જિલ્લામાં પોઝીટીવીટી રેટ ૧ ટકાની આસપાસ જોવા મળી રહ્યો છે.

કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકોની ઉદાસીનતા તેમજ નવરાત્રી પર્વ પછી હજુ પણ લોકો દિપાવલીને લઈ ટેસ્ટીંગ કરાવવા આવતા નહિ હોવાનું જાણવા મળેલ છે. આ પરિસ્થિતિને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના છેલ્લા ત્રણ મહિનામાં જ ૩ હજારથી વધુ કેસ નોંધાયા છે. જો કે આ વખતની લ્હેરમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે અને હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઓછો છે અને રિકવરી રેટ ૯૭ ટકા જેટલો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લાના કલોલ તાલુકાના રકનપુર ગામે ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. માણસા તાલુકામાં માણસા અર્બનમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૪૧ વર્ષીય પુરૂષ અને ૩૭ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ ૩એ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.ૠ

● અનુસંધાન પાન-૭ પર



સ્માર્ટ સીટી અંતર્ગત સેક્ટરોના આંતરિક માર્ગોને પહોળા અને મજબૂત કરવાનુ કાર્ય ચાલી રહ્યુ છે. આ કામગીરી અંતર્ગત સેક્ટર-૨૧, માઉન્ટ કાર્મેલ સ્કૂલના નવા રોડ બનાવવાનુ કામ ચાલી રહ્યુ છે. આ કામગીરીના કારણે માઉન્ટ કાર્મેલ સ્કૂલ તરફ જવાનો રસ્તો બંધ કરાયો છે.

# સચિવાલયના ટોઈલેટ બ્લોકમાં વેડફાતા પાણીને શુધ્ધ કરી બગીચાને અપાશે

### બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા માટે ફલશ રીસાઇકલીંગ પ્લાન્ટ કાર્યરત કરવા વિચારણા

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં આમ પણ પાણીનો વપરાશ સમગ્ર દેશમાં સૌથી વધુ હોવાનુ મનાય છે. જયારે સેકટરો ઉપરાંત નગરની વિવિધ સરકારી કચેરીઓમાં પણ પાણીનો વપરાશ ઉપરાંત બગાડ પણ વિશેષ થાય છે. જયારે શહેરમાં સચિવાલય સંકુલમાં પણ પ્રતિદિન ૧૫ એમ એલ ડી પાણીનો વપરાશ થાય છે જયારે આ પૈકી પાણીનો અડધો પુરવઠો બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા તેમજ ટોઈલેટ બ્લોકમાં ઉપયોગમા

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરની ઉબડ ખાબડ ફુટપાથ પર હવે ગંદકીના થર પણ જામ્યા

### છેલ્લા ત્રણ વર્ષથી ફુટપાથની જાળવણીનુ કામ હાથ ધરાયુ નથી ત્યારે ગાબડાગ્રસ્ત ફુટપાથની સફાઇ પણ કરવામાં આવી નથી

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના એપ્રોચ આસપાસ નિર્માણ કરાયેલી ફુટપાથ છેલ્લા ત્રણ વર્ષથી કંગાળ હાલતમાં છે. કોરોના કાળથી અત્યાર સુધી વોક વે ની જાળવણી માટે કોઈ કામગીરી હાથ ધરવામા આવી નથી. સ્ટોર્મ વોટર લાઈન તેમજ પાણી ગટરની લાઈન સહીતના અનેક પ્રકારના ખોદકામના અંતે ફુટપાથ ચિથરેહાલ છે. ફુટપાથ પર વોકીંગ કરનારા પણ ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ છે. જયારે હવે ગાબડાગ્રસ્ત ફુટપાથ પર ગંદકીના થર જામી રહ્યા છે. વન આરક્ષિત વિસ્તારની જેમ ફુટપાથ પર ગંદકી જોવા મળે છે. વરસાદી દિવસોના અંતે વોક વે ની સફાઈ કરવામાં આવી નથી જેના લીધે ઠેર ઠેર ઘાસ પણ ઉગી નિકળ્યુ છે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ફુટપાથ અને વન આરક્ષિત વિસ્તાર ગંદકીથી ઘેરાયેલો છે. ફુટપાથ પર ઉગી નિકળેલા ઘાસની પણ સફાઈ થઈ નથી જયારે વન વિસ્તારમાં પણ સફાઈના અભાવે બિનજરૂરી વનસ્પતિ અને ઘાસ ઉગી નિકળ્યુ છે. વરસાદી દિવસોના અંતે સેકટરોના કોમન પ્લોટમાં પણ કચરાના ઢગ ખડકાયા છે. શહેરમાં નવરાત્રિ પર્વની ઉજવણી દરમિયાન સેકટરોમાં કોમન ચોકની સફાઈ કરવામાં આવી હતી. પરંતુ હાલ નવરાત બાદ પણ વિવિધ સેકટરોમાં સફાઈ કરવામાં આવી નથી જયારે વરસાદી દિવસોના અંતે સેકટરોમાં ઠેર ઠેર ઉગી નિકળેલુ ઘાસ તેમજ વનસ્પિત પણ દુર કરવામાં આવી નથી. શહેરની ફુટપાથ પર આમ પણ ગાબડા દુર કરાયા નથી. ત્યારે ચોમાસાના અંતે ફુટપાથ પર ઠેર ઠેર ઘાસ ઉગી નિકળ્યુ છે. ફુટપાથની જાળવણી માટે પાટનગર યોજના કક્ષાએથી માર્ગ મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ ગત વાઈબ્રન્ટ સમિટના આયોજન વેળાએ હાથ ધરવામાં આવેલા આયોજનને હજુ અંજામ અપાયો નથી. શહેરમાં ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના એપ્રોચની આસપાસ નિર્માણ કરાયેલી ફુટપાથની દરકારક લેવામાં આવતી નથી. અંદાજિત ૯૫ કી મી ના વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક પથરાયેલુ છે. અગાઉ પણ ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવતા સ્થાનિકો દ્વારા પણ રજુઆત કરવામાં આવી હતી જયારે પાણી ગટરની લાઈનનુ કામ હાથ ધરવામાં આવતા ખોદકામ બાદ સર્કલ વિસ્તાર સહીત અનેક

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# સાત ગામના અસરગ્રસ્ત વસાહતીઓનું પ્રતિક ઉપવાસ આંદોલન સ્થગિત કરાયું

### પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ સરકાર સાથે વાટાઘાટો કરાવવાની ખાતરી આપતાં આંદોલન સમેટાયું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલા ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ, ફતેપુરા, આદિવાડા, પાલજ અને બાસણ એવા સાત ગામોની જમીન સંપાદન થવાથી છેલ્લાં ૫૮ વર્ષોથી પાટનગર નિર્માણના અસરગ્રસ્ત વસાહતીઓ તેમના પડતર પ્રશ્નો અંગે લડત ચલાવી રહ્યા છે. ગાંધીનગર અસરગ્રસ્ત વેપારી મંડળના નેજા હેઠળ છેલ્લા ચાર દિવસથી ઈન્દ્રોડા ગામે ઈન્દ્રાણી માતાના મંદિરે સાત ગામના ગ્રામજનો પ્રતિક ઉપવાસ પર બેઠા છે. આજે આ પ્રતિક ઉપવાસના ચોથા દિવસે પાટણના સાંસદ ભરતસિંહ ડાભી ઉપસ્થિત રહ્યાં હતા અને તેમણે અસરગ્રસ્ત વસાહતીઓની માંગણીઓમાં પોતાના સમર્થનનો સૂર પુરાવ્યો હતો અને વસાહતીઓના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે મુખ્યમંત્રી સમક્ષ વાટાઘાટો કરવા સુધીની તૈયારી દર્શાવી હતી જેના પગલે ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા આ પ્રતિક




ઉપવાસ આંદોલનને હાલ પૂરતું સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પાટનગરના નિર્માણમાં અસરગ્રસ્ત વસાહતીઓને કેટલાક ગામોમાં નવા આવાસો બનાવી ફાળવી આપવાની માંગ હતી જે અંતર્ગત ગામને અડીને આવેલી સરકારી, પડતર જમીન કે ગૌચર જમીનમાં સરકાર દ્વારા આવાસો બાંધી આપવાની વિચારણાં કે સમીક્ષા સુદ્ધાં નહીં થતાં અસરગ્રસ્તો દ્વારા મજબૂરીમાં જે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com